ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ

વડી કચેરી, પર્યાવરણ ભવન,

સેક્ટર-૧૦એ, ગાંધીનગર – ૩૮૨૦૧૦

# પરિપત્ર

**વિષય: કમ્પોસ્ટેબલ પ્લાસ્ટિક ઉત્પાદક એકમોની કન્સેન્ટ માટેનીઅરજીઓના ઝડપી નિકાલ કરવા બાબત અંગે.**

ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા Ease of doing business હેઠળ રાજ્યમાં પર્યાવરણને અનુકૂળ અને વૈકલ્પિક પેકેજીંગ સામગ્રીના ઉપયોગને પ્રોત્સાહન આપવા તેમજ પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ, 2016 ના અસરકારક અમલીકરણ માટે કમ્પોસ્ટેબલ પ્લાસ્ટિકના ઉત્પાદનને પ્રોત્સાહિત કરવાનો અભિગમ અપનાવવામાં આવેલ છે.

આ સંદર્ભમાં કમ્પોસ્ટેબલ પ્લાસ્ટિકના ઉત્પાદન કરતા એકમોને પ્રોત્સાહન મળે તે હેતુથી બોર્ડ ખાતે કરવામાં આવતી કમ્પોસ્ટેબલ પ્લાસ્ટિકના ઉત્પાદન માટેની કન્સેન્ટ અરજીઓ, CTE તથા CCA ની અરજીઓ ઝડપી નિકાલ કરવાની બાબત વિચારણા હેઠળ હતી, જે અરજીઓ હવે પ્રાપ્ત થયેથી મહત્તમ 03 (ત્રણ) કાર્યકારી દિવસોમાં નિકાલ કરવામાં આવશે. જેથી કમ્પોસ્ટેબલ પ્લાસ્ટિકની અરજીઓનો સમયસર નિકાલ થવાથી પર્યાવરણમિત્ર વિકલ્પોના ઉત્પાદનમાં વધારો થાય તેમજ Ease of Doing Business ને પણ પ્રોત્સાહન મળે.

ઉપરોક્ત મુજબ સદર ઉત્પાદનને અંતર્ગત આવતી તમામ અરજીઑનો નિકાલ આ પદ્ધતીથી કરવા આ પરિપત્ર દ્વારા તાત્કાલિક અસરથી અમલમાં મૂકવામાં આવે છે.

**(દિપાલી ટાંક)**

**સભ્ય સચિવ**

**નં. ગુ.પ્ર.નિ.બોર્ડ/આર.પી./જનરલ-113/**

પ્રતિ,

તમામ પ્રાદેશિક અધિકારીશ્રી..........ઉપરોક્ત મુજબ કાર્યવાહી સારૂ.

નકલ રવાના:

૧. તમામ યુનિટ હેડશ્રી .........ને જાણ તેમજ જરૂરી કાર્યવાહી સારૂ.

૨. અંગત મદદનીશ, અધ્યક્ષશ્રીનું કાર્યાલય, ગુ. પ્ર. નિ. બોર્ડ, વ.ક., ગાંધીનગરને જાણ સારૂ.

૩. અંગત મદદનીશ, સભ્ય સચિવશ્રીનું કાર્યાલય, ગુ. પ્ર. નિ. બોર્ડ, વ.ક., ગાંધીનગરને જાણ સારૂ.

૪. આઇ.ટી. શાખા - XPN તથા GPCB ની વેબસાઇટ ઉપર મુકવા સારૂ.

૫. સિલેક્ટેડ ફાઇલ.

*Signature Not Verified*

*Signed by: DIPALI ALPESH TANK*
*Member Secretary*
*Date:2026.07.30*
*17:56:14 +5:30*



*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*